R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 15 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH JUNE 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# જ્ઞાતિરત્ન, દાનવીર, શ્રેષ્ઠિવર્ય
# શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી
# સન્માનનીય ઈતિહાસનું સર્જન



શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ સાલસ, હોશિયાર અને સ્વમાની છે. સન્માન પૂર્વક જીવન જીવવામાં માને છે. પરંતુ મહામારીના આ કપરા કાળમાં જીવન જીવવું મુશ્કેલ બન્યું. સહુ માટે આર્થિક મુંઝવણ ઉભી થઈ, સહુ ચિંતાગ્રસ્ત બન્યા.

આવા સમયે આપનો પરિવાર જ્ઞાતિજનોના ખભે હાથ મુકી વાત્સલ્ય ભાવે બોલી ઉઠ્યો...

**"મુંઝાશો નહીં, અમને ખબર છે આપ હાથ લાંબો નહિં કરો,**
**પણ અમે તમારી સાથે જ છીએ."**

અને તમે જે સાધર્મિક ભક્તિનો ધોધ વહાવ્યો એને જોઈ - સાંભળી આંખો હર્ષના આંસુથી છલકાય છે. જ્ઞાતિના સમસ્ત બાંધવો આપના પરિવાર સમક્ષ નતમસ્તક છે.

વડિલોના સંસ્કારના વારસાની જ્યોતને જ્વલંત બનાવી સન્માનનીય ઈતિહાસનું સર્જન કર્યું છે. એની અનુમોદના માટે શબ્દો ટુંકા પડે છે.

દેવ-ગુરૂ-ધર્મ તેમજ જ્ઞાન અને જ્ઞાતિ માટે કાંઈક કરી છુટવા સૈદવ તત્પર રહેનાર આપના પરિવારની અંતરના અહોભાવથી અનુમોદના.

પ્રથમ મહારાષ્ટ્ર એકમ સુધી મર્યાદિત રાખેલ આ કાર્યને સર્વ મર્યાદા દૂર કરી દેશના ખુણે ખુણે સાધર્મિક ભક્તિના નાદને ગુંજતો રાખ્યો છે, જે અત્યંત પ્રશંસનીય છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

**શ્રી મનિષ ભવાનજી લોડાયા**
પ્રમુખ

**શ્રી ગોવિંદજી નેણસી સોની**
માનદ્ મંત્રી

# જસ્મીન રાજેન્દ્ર નાગડા

ભાવભીની શ્રદ્ધાંજલી



પરજાઉ

નાશિક

આપની સદાબહાર મનોમૂર્તિને
પ્રેમના પુષ્પો ચડાવી હૃદયથી
વંદન કરીએ છીએ...

અરિહંત શરણ
તા. ૨૨/૪/૨૦૨૧

અત્યંત સરલ, નિખાલસ, પરોપકારી, લાગણીશીલ
અને સૌમ્યસ્વભાવ ધરાવનાર પોતાના નામને સાર્થક કરનાર
શ્રી જસ્મીનભાઇના દુઃખદ અવસાનથી
નાશિક સંઘને ન પુરી શકાય એવી ખોટ પડી છે.
સમાજના સક્રીય સામાજીક કાર્યકર દાનશીલ અને
સમાજનું ગૌરવ વધારનાર તથા માર્ગદર્શક હતા.
પરિવારજનોને એમની વિદાયનું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે.
એમના ચિરવિદાયથી નાશિક સંઘ અત્યંત દુઃખની લાગણી અનુભવે છે.
પૂણ્યશાલી આત્માને અરિહંત પ્રભુનું સાનિધ્ય પ્રાપ્ત થાયો
એજ નતમસ્તકે ભાવભરી શ્રદ્ધાંજલી.



**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**સેવાભાવી સંસ્થા નાશિક / દેવલાલી**




શાશ્વત તીર્થે શ્રી શત્રુંજય ગિરીરાજના ઐતિહાસિક તળેટી માર્ગ પર
સુશોભિત થોડાક સ્વાગત દ્વારોમાં એક વિશિષ્ટ આંખે ઉડીને વળગે એવો દ્વાર એટલે

## 'બાહુબલી દ્વાર''

શ્રી બાહુબલીના ગુણાનુરૂપ જ બહુમુખી પ્રતિમા ધરાવતાં,
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના રતન જેવા શ્રદ્ધેય



# શ્રી જયંતભાઈ ભવાનજી સોની

**કચ્છ : સુથરી ▪ હાલે : બાંદ્રા**

**પ્રભુ સમીપે : તા. ૨૦-૫-૨૦૨૧**










આ દ્વારના સખીદાતા સૌભાગ્યવંતા પરિવાર છે. શ્રી જયંતીભાઈ સોનીનું નામ એમના દ્વારા અનેક વિવિધ ધાર્મિક, સંસ્થાકીય અને સમાજોત્કર્ષ કાર્યોમાં આર્થિક સહાયની જોડે જોડે આપેલ અન્ય યોગદાન, માર્ગદર્શન અને લોક કલ્યાણમાં આપેલ સેવાઓ માટે સમસ્ત જૈન સમાજમાં એક વિશિષ્ટ ગૌરાન્વિત ઉચ્ચ સ્થાને સાદર ભાવથી લેવાશે. શ્રી જયંતીભાઈએ હંમેશા પોતાનાં દરેક પ્રસંગો, ખરા દિલથી પુ. ગુરૂવરોની નિશ્રાઓ, સ્વજનો, સ્નેહીજનો, ઈસ્ટ મિત્રોને સથવારે, પ્રસંગોચિત મર્યાદાઓને ધ્યાનમાં રાખતા, ઉત્કૃષ્ટરૂપે વહેંચીને જીવન જીવવાનો અનોખો દાખલો પ્રસ્તુત કર્યો છે.

આ ''બાહુબલી દ્વાર'' એનો જીવંત પુરાવો છે. આ દ્વાર એમની બધા માટે લાગણીઓનો પ્રતિબિંબ દર્શાવે છે. જ્યાં એમને તાત્કાલીન પ.પૂ. ગચ્છાધિપતિ, આચાર્યવર, સાધુ-સાધ્વીવૃંદ સહ, પરિવારજનો, મિત્ર પરિવારો, **અમારા બન્નેના નામોને પણ સ્વાગત દ્વાર પર અંકિત કરાવીને પોતાની પરમ દિલેરતાનો પરિચય આપ્યો છે.** એમના દરેક વિશેષ સત્કર્મોની સાદર અનુમોદના છે. આ સાથે અમે બધા એમને શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ.

| | |
|---|---|
| **વિનોદ વિરચંદ (કુલીનકાંત) કાધા** | **શામજી નરશી દંડ** |
| (વરાડીયા - મુલુંડ) | (સાંઘવ - મુલુંડ) |
| મુલજી દામજી એન્ડ કંપની પ્રા. લિ. | મહાવીર શિપીંગ એજન્સી |

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૦૬-૦૭-૧૯૩૮

અરિહંતશરણ
તા.૦૭-૦૫-૨૦૨૧

## C.A. શ્રી રમેશ (રામજી) પાશ્વીર દંડ

**મંજલ રેલડીયા હાલ જબલપુર**

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન.
આપનું જીવન, દયાળુ સ્વભાવ અમારી હુંફ હતી, આપની ચમકતી પ્રેમાળ આંખો અમારું જીવન.
તમે અમારા માટે ભગવાનના ઉપહાર હતા, તમારા અમારા અને બીજા ઘણા ઉપર ઉપકાર હતા.
તમને હંમેશા યાદ રાખીશું અને તમારા આશીર્વાદ હંમેશા મળતા રહે અમને...

**: શોકાતુર :**

**સ્વ. માતુશ્રી માનબાઈ પાશ્વીર નેણશી દંડ પરિવાર (મંજલ રેલડીયા)**
**સ્વ. માતુશ્રી મણીબાઈ ખીમજી કુંવરજી વિકમશી પરિવાર (રાણપુર હાલ વડાલા)**

પુત્ર - પુત્રવધુ : રવિ - પ્રક્ષા    પુત્ર : રોમેન
પુત્રી-જમાઈ : રશ્મિ - કૌશિક ચંદ્રહાસ ખોના - સુથરી હાલ મુંબઈ
પૌત્રી : નિરાલી, એશા    દોહિત્ર : હિતાર્થ

**પાર્ટનર : ખીમજી કુંવરજી એન્ડ કંપની, જબલપુર**

ટેલિફોન અને વોટ્સએપ દ્વારા દિલાસો આપનાર
સર્વે હિતેચ્છુઓ, મિત્રો, જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર...

તંત્રી સ્થાનેથી

# જીવન સંધ્યા સુખાલય ગદગ

– ડૉ. હીરાચંદ દંડ



મેં જાન્યુઆરી ૨૦૨૦માં જીવન સંધ્યા ગદગની મુલાકાત લીધેલી હતી તે પછી એક તંત્રીલેખમાં ત્યાંની વ્યવસ્થા જાળવનારા વરિષ્ઠ ટ્રસ્ટીશ્રીઓના અથાક પરિશ્રમ તથા સમય દાનની પ્રશંસા કરી હતી. ગદગ ખાતે આપણી જ્ઞાતિની સંખ્યા ઘટી રહી છે. અનેક પરિવારો ધંધા, વ્યવસાય, નોકરી તથા શિક્ષણ માટે અન્યત્ર મોટા શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે એટલે ગદગમાં જ્ઞાતિના યુવા કાર્યકરોની સંખ્યા ઓછી છે એથી વરિષ્ઠ ટ્રસ્ટીશ્રીઓ સમયનો ભોગ આપે છે તે પ્રશંસનીય છે.

મને યાદ આવ્યું કે જીવન સંધ્યા એ આપણી જ્ઞાતીમાં કે. તિલકચંદ તરીકે જાણીતા નિવૃત ઈન્કમટેક્ષ કમિશનર શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા–સાંયરા (ચેન્નઈ)નું માનસ સંતાન છે, એટલે ગયા વર્ષે મે મહિનામાં તેમની સાથે જીવન સંધ્યા વિશે અનેક મુદ્દા તથા જરૂરતો વિશે મેં સંવાદ સાધ્યો હતો. તેમણે મને કહ્યું હતું કે તેઓ આ બાબતોથી અવગત છે અને એકવાર કોરોના સંક્રમણ પુરૂં થાય એટલે તેઓ પોતે જીવન સંધ્યામાં થોડાક દિવસ રોકાઈને જરૂરી સુવિધાઓ સુધારણાઓને સમજી, તેના ઉપર કાર્ય કરશે. ગત વર્ષે જુલાઈમાં મેં ફરીથી તેમની સાથે વાત કરીને કહ્યું હતું કે આપના જેવા સક્ષમ અનુભવી આઈ. આર. એસ. અધિકારી ક્યાં પણ રહીને વ્યવસ્થા દુરસ્ત કરી શકે છે. એ માટે લોકડાઉન કે કોરોના સંક્રમણ પુરૂં થાય એની રાહ જોવાની ન હોય.

સંસ્થાનું નામ જીવન સંધ્યા શા માટે? ૬૦ વર્ષની વય પછી નવું જીવન શરૂ કરવા માટે છે. સંસ્થાનું નામ પોઝીટીવ હોવું જોઈએ. મેં તેમને એમ પણ કહ્યું હતું કે જીવન સંધ્યાનું વાતાવરણ તાણભર્યું છે. સ્વચ્છતા અને સારા બાગબગીચા હકારાત્મકતા માટે જરૂરી છે. જે પણ વ્યક્તિ અહિં રહેવા આવે તે હંમેશા ખુશ અને સુખી રહેવી જોઈએ એટલે તેઓને આજથી જ ખુશ રાખવાનો પ્રયત્ન કરીએ.

શ્રી તિલકચંદભાઈ તથા વ્યવસ્થાપક મંડળ દ્વારા મારા અનેક સૂચનોનો સ્વીકાર કરવામાં આવ્યો જેનો મને આનંદ છે. તેઓએ સંસ્થાના નામમાં સુખાલય શબ્દનો વધારો કર્યો એટલે હવે જીવન સંધ્યા સુખાલય નવું નામકરણ થયું. ભોજનની વ્યવસ્થા માટે શ્રી મણિકાંતભાઈ હિરજી ધુલ્લા – જખૌ (મુલુંડ) પ્રતાપ કેટરર્સવાળા સંભાળ લેશે. શ્રીમતી કોકિલાબેન શરદ ખોના – હુબલી (કેનેડા) દ્વારા સુખાલયના વાતાવરણને સુંદર બનાવવા બાગ બગીચાની રચના માટે માતબર દાન મળ્યું છે. શ્રી ટીલેશભાઈ શાંતિલાલ મૈશેરી – લાલા (મુલુંડ), શ્રી પ્રદિપ રતીલાલ શાહ (લોડાયા) – સાંયરા (કોઈમ્બતુર) તથા અન્ય ઉદારદિલ દાતાઓએ પણ સુંદર આર્થિક સહયોગ આપ્યો છે જે સુખાલયને વધુ સુંદર તથા સુવિધાપૂર્ણ બનાવવા ઉપયોગી બની રહેશે. શ્રી તિલકચંદભાઈએ વધુમાં માહિતી આપતા જણાવ્યું કે આવનારા સમયમાં બહુ જલદીથી વ્યવસ્થાપક મંડળમાં યુવાનોનો સમાવેશ કરવામાં આવશે. અહિં રહેતા વડીલોના જન્મદિવસ ઉજવવાનો ક્રમ શરૂ થઈ ગયો છે તથા જ્ઞાતિજનોને સુખાલયની મુલાકાત લેવા નિમંત્રણો અપાય છે.

શ્રી તિલકચંદભાઈએ CSR માટે જરૂરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દીધી છે જેથી CSR

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



## વૉલ્યુમ : ૦૧, અંક : ૧૫, તા. ૦૫-૦૬-૨૦૨૧



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

અતંર્ગત આવતી કંપનીઓ પણ સુખાલયને દાન આપી શકે. સુખાલયના હિસાબો પણ જ્ઞાતિજનો સુધી નિયમિત પહોંચાડવામાં આવી રહ્યા છે. વહીવટની પારદર્શકતાના કારણે સંસ્થાની પ્રતિભા વધુ હકારાત્મક બનશે જેથી સુખાલયની સુધારણા માટે વધુ દાન મળી રહેશે. આ ઉપરાંત તિલકચંદભાઈએ નીચે મુજબની યોજનાઓ ઘડી છે એમ મને કહ્યું છે.

બાગ-બગીચાના સૌંદર્યને વધારવા માટે એમાં ઓપન એર થિયેટર, સ્ટેજ, જીમ, મેડિટેશન પીરામીડ, ફુવારો, રોકરી, મ્યુઝિક સિસ્ટમ, ફિલ્મ પ્રોજેક્ટર, વોક વે, સ્વીમીંગ, વિટામીન-ડી બેઠક, ચીટચેટ ગેલેરી, એવેન્યુ ટ્રીસ, પામ ટ્રીસ, કસરત તથા યોગા પ્રાણાયામ માટે અલાયદી ખુલ્લી જગ્યા જેવી સુવિધાઓ આવતા એક વરસમાં સુખાલયમાં ઉપલબ્ધ કરીશું. ખૂબ જ સરસ! ખરેખર નિવૃત વડીલો માટે સુખાલય પૃથ્વી પરના સ્વર્ગ સમાન બની રહેશે.

બધા રૂમમાં એકઝોસ્ટ ફેન લગાડવામાં આવશે તથા બાથરૂમનું રીનોવેશન કરી સારી રીતે સજાવવામાં આવશે. ભોજનકક્ષાં સંગીતની સુવિધા, આરોગ્ય માટે ડૉક્ટર્સની નિયમિત મુલાકાત, નાનું પુસ્તકાલય, અમુક બોર્ડ ગેમ્સ, પ્રથમ માળા માટે લીફ્ટ, નવા મેનેજર તથા જરૂરી કર્મચારીઓની નિમણુંક પણ કરવામાં આવશે.

જયારે ઉપરોક્ત બધી સુવિધાઓ ઉપલબ્ધ થઈ જશે ત્યારે સુખાલયની મુલાકાત એક લહાવો બની જશે. હું પણ ઈચ્છું છું કે કાર્યભારથી નિવૃત્ત થયા પછી ત્યાં રહું. સુખાલયમાં રહેનારા નિવૃત્ત વ્યક્તિઓનું જીવન સુખદ તથા અર્થપુર્ણ બની રહેવું જોઈએ. મને ખાત્રી છે કે શ્રી તિકલચંદભાઈએ વિચારેલી સુધારણા તથા આપેલા વાદાઓ સમયથી પહેલા જ પરિપૂર્ણ કરશે. સુખાલયની પ્રતિમા સુધારવા તથા સારી વ્યવસ્થા માટે દાન મેળવવા શ્રી તિલકચંદભાઈ ખૂબ જ સરસ રીતે ડિજીટલ મીડીયાનો ઉપયોગ કરી રહ્યા છે જે ખૂબ જ અભિનંદનીય છે. આપણી અન્ય જ્ઞાતિ સંસ્થાઓએ પણ તેમનું અનુસરણ કરવું જોઈએ.

કોરોના કાળ પૂરો થઈ જાય એ પછી આપણે સૌએ અનુકુળતાએ ગદગના સુખાલયની મુલાકાત અવશ્ય લેવી જોઈએ તથા આપણા વડીલોની ખુશી જાણવી - માણવી જોઈએ.

આપ સૌ સુરક્ષિત રહો,સંભાળ લો તથા કોરોના મુક્ત રહો.

---

**વિચારેંજી વેણી**

મુંજે વિચારેંજી વેણીમેં ત્રે વડા ફુલ,
હુંની જ ભનાયા મુંજો જીવન હલકો ફુલ.
પેલો ફુલ સચ્ચાઈ પરખધલ આય,
કેરભી કીં પણ કરે ગાલ
ત હિનજો સવાલ આય,
કે તોકે ખબર આય
કે કુરો હી ગાલ સચ્ચી આય?
ત હુનજો ઘણખરો જવાબ
વે કે મુકે ત ખબર નાંય!
હી..ત ફકત સુણેલી ગાલ જ આય.
તેરંઈ ફુલ પુછે કો ખોટી ગાલ
તોકે મુકે ચોણી આય?
હરેં કરેને હુ સિરી વેને ભા,
ને મુજેં વિચારેં જો ઓછો થિયે ભાર.
બ્યો ફુલ આય તોલ માપ કેંધલ.
કેર બોલે તેં પેલા જ આય પુછધલ
કેંજો સારો ક ખરાભ આય તોકે બોલણું,
જો ખરાભ વે ત મુકે નાય સુણણું.
હરેં કરેને હુ પણ સિરી વેને ભા,
ને મુજેં વિચારેં જો ઓછો થિયે ભાર.
ત્રીજો ફુલ આય હિસાબ કિતાબજો.
કેર બોલે તેં પેલા જ હુ પૂછધોં,
તોજી ગાલ કોરો મુજે કમજી આય?
ન વે ત બાય બાય!
હરેં કરેને હુ સિરી વેને ભા,
ને મુજેં વિચારેં જો ઓછો થિયે ભાર.
વિચાર ઓછા ત મથો મજેદાર,
સેલો થઈ વ્યો વેનેજો પ્રભુ દરબાર.
મુંજે વિચારેંજી વેણીમેં ત્રે વડા ફુલ,
ને હુંની જ ભનાયા મુંજો જીવન હલકો ફુલ.

- તિલકચંદ લોડાયા - ૯૯૪૦૬ ૩૬૬૪૬


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૩૧



**લેખક : સોમ ધરમશી, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

(ગતાંકથી ચાલુ...)

દિનાંક ૨૦/૦૫/૨૦૨૧નાં પ્ર.સ.માં પ્રકાશિત થયેલ મણકો ૩૦ લગભગ એપ્રિલ માસના પ્રથમ અઠવાડિયામાં વિચારેલ અને ત્યારબાદ તેનું આલેખન કરેલ.

મણકો ૩૧ લખવા બેઠો ત્યારે ત્યારે ચોથા આવશ્યક ભણી બાર અતિચાર (લઘુ અથવા બૃહદ) પર વિચાર વિર્મશ કરવાની ઈચ્છા હતી. ગતાંકમાં જણાવ્યા પ્રમાણે આ અતિચારો ''પંચ પ્રતિક્રમણ સુત્ર'' નામે પુસ્તકોમાં સંકલિત થઈને રહી ગયા છે. તેથી ફક્ત ક્રિયા રૂપે જ કરવામાં આવે છે એવી મને પ્રતિતી થઈ. તાજેતરમાં મેં મારા કુટુંબીજનો સાથે પાલિતાણા તીર્થની યાત્રા કરેલ તે વખતે શ્રી શેત્રુંજી સિદ્ધસ્નાનઘાટ- રોહીશાળા તીર્થની મુલાકાત લીધેલ. શ્રી શત્રુંજય નદીની પુજા-આરતી અવિસ્મરણીય બની મનમાં સમાઈ ગઈ. રોહીશાળા તીર્થ પાલિતાણા તીર્થથી લગભગ ૧૦ કિ.મી. દૂર છે, અને કદમગીરીથી અંદાજીત ૩૭ કિ.મી. શેત્રુંજી નદીનાં શાંત નીરનો અનુભવ જંગલ વચ્ચે આવેલ આ તીર્થમાં થયો, જ્યાં બે દેરાસરજી પણ છે, ભોજનશાળા છે અને અતિથિગૃહનું નિર્માણ કાર્યવંત છે.

અહીં શિસ્તબદ્ધ રીતે શ્રી શેત્રુંજી નદીની આરતી તેમજ પાલિતાણા તીર્થ-પર્વતની આરતી મધુર સ્વરોમાં કરવામાં આવે છે. અહીં જેમણે બોલી બોલીને ચડાલો લીધેલ હોય તેમના કુટુંબના વધુમાં વધુ ૯ વ્યક્તિઓને એક પ્લેટફોર્મ પર ઉભા રહી આરતી કરવા આમંત્રિત કરવામાં આવે છે.

અન્ય પધારેલ યાત્રાળુ માટે પણ વગર બોલી બોલે આરતીનો લાભ લેવાનો પ્રબંધ છે. તમારા સદનશીબે વારો આવી જાય તો તમને આરતી મળે અને શ્રી શેત્રુંજી નદીની આરતીનો લાભ.

આ રોહીશાળા તીર્થનાં સંચાલકો યાદગીરી રૂપે તમને વોટ્સએપની લીંક આપે છે અને સાત દિવસ સુધી એ લીંક ઉપર આરતી કરનાર સમુદાયનાં ફોટા મુકાય છે. સંચાલકનો કેમેરો એવી રીતે ફરતો હોય છે કે નદી કિનારે બાંધેલા વિશાળ પટમાં લાઈનમાં સુવ્યવસ્થિત જગા પર આપ ઊભા હો તો એમના કેમેરામાં કેદ થઈ જ જાવ. આ દ્રશ્ય જોઈ મારા માતુશ્રીના મુખેથી નાનપણમાં સાંભળેલ એક સ્તવનનાં શબ્દો કાનમાં રણકી રહ્યા જે યાદદાસ્ત ખોતરી અહીં ઉતારું છું...

**''સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર,**
**શેત્રુંજી નદીએ નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર;**
**શેત્રુંજી નદીએ નાહીને, મુખ બાંધી મુખકોશ,**
**દેવ યુગાદિ પુજીએ, આણી મન સંતોષ...''**

શ્રી રોહીશાળા તીર્થના દર્શન-પુજા-આરતીના રમણીય દ્રશ્ય મનમાં ભરી અમે શ્રી ગુણોદયપુરમ પાલિતાણા વિશ્રાંતિગૃહ જ્યાં અમે ગઈ કાલે નિવાસ કરેલ ત્યાં પહોંચ્યાં. આ તીર્થની ગોદમાં આવેલ ભવ્ય ધર્મશાળાનું સંકુલ છે જેમાં ૧૨૮ એ.સી./નોન એ.સી. રૂમ છે અને અન્ય સુવિધાઓથી સભર છે.

ત્યાં રોકાણ વખતે પાલિતાણામાં અન્ય સાધુ-સાધ્વી ભગવંતો સાથે શાતા પુછવાની મુલાકાતનો મોકો મળ્યો. મને આનંદ એ વાતનો હતો કે એક કે બે સાધ્વી ભગવંતોએ મારી **''ઘડિયાલ ગોદીથી માંડવીની સફર''** લેખમાળા વિશે અછડતી વાત કરી જેના ઉપરથી પ્રતિત થયું કે પ્રકાશ સમીક્ષા સાધુ-સાધ્વી ભગવંતો પણ વાંચે છે. **(નોંધ લેજો તંત્રી સાહેબ)**

પણ મને આશ્ચર્ય એ વાતનું થયું કે તેમણે **''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ''** પર વાત કરવાનું ટાળ્યું. પણ મારી જિજ્ઞાસાને હું રોકી શકું તેમ ન હતો. તેમાનાં મુખ્ય સાધ્વી ભગવંતની દીક્ષાને લગભગ ૨૫થી વધારે વર્ષ થયા હોવાથી ધર્મ વિશે પુછવાની ઉત્કંઠા હાઈકમાન્ડની (શ્રીમતીજીનો) મનાઈ હોવા છતાં પુછી બેઠો અને વાદ-વિવાદનો મધપુડો છંછેડાઈ ગયો.

મારો સવાલ સાવ સામાન્ય હતો- **આજના યુગમાં પર્યુષણ પર્વની આરાધના દરમ્યાન ''કલ્પસુત્ર''નું વાંચન કરવામાં આવે તે કેટલું અનુષાંગિક છે.** (આ સુત્રનું વાંચન કેટલીક વખત અમારા ગામ મંજલ રેલડીયામાં પર્યુષણ પર્વની આરાધના દરમ્યાન સાધ્વી ભગવંત કે પાઠશાળા માંથી નિપુણ થઈ આવેલા આરાધક ન મળ્યા હોય ત્યારે મેં પણ કર્યું છે.)

અમારા ઉપાશ્રયનાં ધાર્મિક પુસ્તકનાં ભંડારમાં **''અચલગચ્છ દિવાકર તીર્વ પ્રભાવક આચાર્યદેવશ્રી ગુણસાગર સુરિશ્વરજી મ.સા.''** લિખિત શ્રી કલ્પસુત્ર સંચિગમ રવિવાર, તા. ૧૨/૦૬/૧૯૭૭નાં સવારનાં મુહૂર્તે પ્રસિદ્ધ થયેલ, તે ઉપલબ્ધ છે. ઉપરોક્ત પુસ્તક ૩૦૪ પાનાનું ૧૦ વ્યાખ્યાનમાં સમાયેલું છે. (વધુ ચર્ચા આવતાં અંકમાં...)

## શબ્દ કોયડો

# કચ્છી કસબ – ૧૫૩

રચયિતા : જયકાંત મોતા – તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧. ગણવું (to count)(૨)
૨. તકલીફ (pain) (૨)
૩. ઓઢવાનું (blanket) (૩)
૫. મિજાજ (mood) (૨)
૬. બેઠા (sitted) (૨)
૭. એકદમ (completely) (૨)
૮. ઉતાવળ (hurry)(૩)
૯. પિતા (father) (૧)
૧૦. શાકભાજી (vegetable) (૩)
૧૨. સુકા પોદળા (cows dry dungs) (૨)
૧૪. ઝુરવું (struggling) (૨)
૧૫. ઠપકો આપવો (to scould) (૪)
૧૭. પહેરો ગોઠવવો (to watch)(૩)
૧૯. ડર (fear) (૧)
૨૦. વેવાણ (son or daughter's mother in law) (૨)
૨૧. આ (this) (૧)
૨૨. સુકા (dry) (૨)
૨૩. ડાહી સ્ત્રી (wise lady) (૨)
૨૪. ગણું બધું (to many) (૨)
૨૫. ત્રીસ (thirty)(૧)
૨૬. કુટુંબ (family) (૩)
૨૭. પાંચ (five)(૨)
૨૮. ઉંમર (age) (૨)
૨૯. નાનો (small) (૩)
૩૩. સરનામું (address) (૩)
૩૫. છેલ્લે છેલ્લે (at least) (૫)

**ઊભી ચાવીઓ :**

૧. પરાવલંબી (Dependent) (૩)
૨. તરવું ( to swim) (૨)
૩. ઉલ્લુ બનાવવું (to make fool) (૫)
૪. ભૂજા (Arm) (૩)
૫. અછત (scarcity) (૨)
૧૦. શિખવાડવું (to educate) (૩)
૧૧. ઘોંઘાટ (noise) (૨)
૧૨. સાડીનો પાલવો (end of sarees) (૨)
૧૩. જરૂરત (need) (૨)
૧૪. નાની તિરાડ (small line of gap on wall) (૨)
૧૬. હટાવવું (to shift) (૪)
૧૭. માહિતી (information) (૨)
૧૮. ગુસ્સામાં મોઢું ચડી જવું (Face in Anger ) (૩)
૨૦. વેવાઈ (son or daughter in law ) (૨)
૨૨. સુકાવવું (to make dry)(૩)
૨૪. જાણકાર (knowledgeable ) (૩)
૨૬. આવડવું (should know) (૩)
૩૦. ગાંડી સ્ત્રી (mad lady) (૩)
૩૧. લખોટી (Pebble) (૨)
૩૨. સ્ત્રી નું જવું (going to lady)(૨)
૩૩. બેસ (to sit) (૧)
૩૪. કાંઈ પણ (anything) (૨)

**જીતો ઈનામો...**

ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ – ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.

# મળવા જેવા માણસ...

## શ્રી તનુલ હીરાચંદ વિકમશી - વરાડીયા (નાગપુર)



હું આજે તમારી મુલાકાત એક એવા જાંબાઝ યોદ્ધા સાથે કરાવીશ કે જે કોઈપણ સંજોગોમાં મેદાન ન છોડવા કટિબદ્ધ છે. હા,હું વાત કરી રહ્યો છું જાણીતા ચિત્રકાર અને શિલ્પકાર શ્રી તનુલ હીરાચંદ વિકમશીની. થોડાક મહિના અગાઉ મેં તેમના પિતાશ્રી હીરાચંદભાઈની ઓનલાઈન મુલાકાત લીધી હતી ત્યારે જ મારી ઓનલાઈન મુલાકાત શ્રી તનુલભાઈ સાથે થઈ હતી. મેં તરત જ નક્કી કરી લીધુ હતું કે હું ક.દ.ઓ.જ્ઞાતિના આ છુપાયેલા કલાકારનો પ્રકાશ સમીક્ષાના વાચકોને પરિચય કરાવીશ.



તનુલભાઈ વિશે વધુ લખું એ પહેલા હું તેમના વિશેની મહત્વની માહિતી આપને આપવા ઈચ્છું છું. ઈ.સ. ૧૯૮૫માં અકસ્માતમાં તનુલભાઈ ઝાડ ઉપરથી પડી ગયા હતા, જેના કારણે તેમની કરોડરજ્જુને ભારે નુકસાન થયું હતું. તેમની કમરની નીચેના ભાગમાં કોઈ સંવેદનશીલતા નથી અને તેમની રોજીંદી ક્રિયાઓ પણ સામાન્ય વ્યક્તિની જેમ નથી કરી શકતા. તેમની સાથેની વાતચીતમાં મને ખરેખર લાગ્યું કે સ્વ. ડૉ. ઈકબાલે જાણે તનુલભાઈ માટે જ લખ્યું હતું કે...

**ખુદી કો કર બુલંદ ઈતના કે હર તદબીર સે પહેલે,**
**ખુદા બન્દે સે ખુદ પૂછે બતા તેરી રઝા કયા હૈ ?**

આટલી બધી શારિરીક તકલીફો હોવા છતાં પણ તનુલભાઈ બિચારા કે વિકલાંગ નથી. તેમનામાં ભરપૂર જોશ, ઉમંગ તથા સમર્પણની અમાપ શક્તિ છે જે તેમને લક્ષ્ય તરફ આગળ ધપાવે છે, નવા પ્રયોગો કરવા તથા દરરોજ નવું શીખવા પ્રોત્સાહિત કરે છે. તનુલભાઈએ તેમની જરૂરિયાત પ્રમાણે વ્હીલચેર બનાવી છે જેની ડિઝાઈનમાં ૫૦% સંશોધન તેમનું પોતાનું છે. તેઓ ચિત્રકાર, શિલ્પકાર, ડિઝાઈનર છે તથા લાકડાની કલા તથા ઈલેટ્રીકલ કામના જાણકાર છે. આ બધું તેમના સમગ્ર સર્જનને વધુ પ્રભાવક બનાવે છે.

**પ્ર.સ. :** તમારા નામ તનુલનો અર્થ શું ? એ ખૂબ અલગ તથા કલાત્મક છે

**તનુલભાઈ :** તનુલ એટલે સુક્ષ્મથી નિર્માણ

**પ્ર.સ. :** તમારા શિક્ષણ વિશે કંઈ કહેશો ?

**તનુલભાઈ :** હું ધોરણ ૧૦ સુધી નાગપુરમાં ભણ્યો પછી એક વર્ષ ખામગાંવમાં ક્ષિક્ષણ મેળવ્યું. ઈ. સ. ૧૯૯૧માં હું જે.જે. સ્કુલ ઑફ આર્ટસમાં જોડાયો ત્યારે હું વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં રહ્યો હતો. ૧૯૯૫માં મારા અકસ્માત પછી ૧૯૯૬માં ખામગાંવ ગયો અને ત્રણ વર્ષ મારું શિલ્પકલાનું શિક્ષણ આગળ ધપાવ્યું. ૨૦૦૧માં જે.જે.સ્કુલ ઑફ આર્ટસમાં પરીક્ષા આપી જયાં વ્હીલચેરમાં બેસીને શિલ્પકલાનું શિક્ષણ મેળવનારો હું પ્રથમ વિદ્યાર્થી હતો. ત્યારબાદ મેં નાગપુર ખાતે પેઈન્ટીંગમાં (MFA)માસ્ટર ઑફ ફાઈન આર્ટસ કર્યું.

**પ્ર.સ. :** તનુલભાઈ મને લાગે છે કે શાળાના દિવસોથી જ



તમે હોંશિયાર વિદ્યાર્થી હતા

**તનુલભાઈ :** પાંચમા ધોરણ સુધી હું સાધારણ તથા તોફાની વિદ્યાર્થી હતો. હાઈસ્કુલમાં હતો ત્યારે જાપાનની કલા સંસ્થા દ્વારા ચિત્રકલાની સ્પર્ધા રાખવામાં આવેલી જેમાં મારા ચિત્રને પ્રથમ ઈનામ મળ્યું હતું.આ પ્રસંગે મારા વિચાર અને કારકિર્દીને બદલી દીધા. મને થતું હતું કે મારે અભ્યાસમાં વધુ ધ્યાન આપવું જોઈએ. હું લશ્કરમાં જવા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

ઈચ્છતો હતો પરંતુ કલા પ્રત્યેના લગાવને કારણે હું અન્ય કારકિર્દી તરફ વધ્યો. મારી સમર્પિતતા તથા મહેનતના ફળ સ્વરૂપે શારિરીક મર્યાદા હોવા છતાં પણ હું માસ્ટર ડીગ્રી મેળવી શક્યો.

**પ્ર.સ. :** આપની કારકિર્દીમાં આપનો આદર્શ કોણ છે ? તમે શું બનવા ઈચ્છો છો ?

**તનુલભાઈ :** હું 'I' વ્યક્તિત્વને બદલે 'T' વ્યક્તિત્વને આદર્શ જાણું છું. 'T' વ્યક્તિઓ પોતે જે કાર્ય કરી રહી છે એના અંગે બધું જ જાણતી હોય છે. એક શિલ્પકારને લાકડાનું કામ, ઈલેક્ટ્રીક કામ જેવા વિષયોનું જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે આ બધી બાબતો શિલ્પની રચના માટે જરૂરી હોય છે. હું સતીષ ગુજરાલ, પાબ્લો પીકાસો, એલેકઝાન્ડર કેલ્ડર જેવા કલા ગુરૂઓને આદર્શ માનું છું. આ બધા કલા જગતની મહાન હસ્તીઓ છે. હું વિવિધ કલા માધ્યમોના સંયોજનથી કામ કરું છું અને મને લાગે છે કે એ ખૂબ જરૂરી પણ છે.

**પ્ર.સ. :** હું તમારી કારકિર્દી, વર્તમાનની પ્રવૃત્તિઓ, નવા ચિત્રો, નવા કામ વિશે જાણવા ઉત્સુક છું. પ્રકાશ સમીક્ષાના વાચકો માટે વિગતવાર જણાવશો ?

**તનુલભાઈ :** માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા પછી મેં ત્રણ વર્ષ માટે કવિકુલગુરૂ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન સેન્ટ્રલ ઈન્ડિયા સ્કુલ ઑફ ફાઈન આર્ટસના ડીન તરીકે સેવા આપી હતી. ત્યારબાદ ઈ.સ. ૨૦૦૫માં મારા ભાઈ લલીત તથા તેની પત્ની મીલી સાથે મળીને 'અલગ એન્ગલ' સ્ટુડિયોનો પ્રારંભ કર્યો. 'અલગ એન્ગલ' કલામાં રસ ધરાવનારા આત્માઓને, કલાપ્રેમીઓને હંમેશા આવકારે છે. અહિં કલાપ્રેમીઓને, કલાકારોને પીઠબળ મળે છે. અલગ એન્ગલ એ ખુલ્લો મંચ છે જ્યાં યુવા કલાકારો કલા સર્જનની તાલીમ લે છે તથા તેમના નવતર કલા સર્જનને પ્રોત્સાહન મળે છે. અમે યુવા પ્રતિભાઓને ચિત્રકલા, શિલ્પકલા તથા અન્ય કલા માધ્યમોની તાલીમ આપીએ છીએ. જેમના બાળકો કલામાં રસ ધરાવતા હોય તેવા વાલીઓને અમારા નાગપુરના સ્ટુડિયોમાં મોકલવા નિવેદન છે. અમે તેમને કલાશિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે તૈયાર કરીશું. ક.દ.ઓ. ભાઈઓ-બહેનો જયારે પણ નાગપુર આવો ત્યારે અમારા 'અલગ એન્ગલ' સ્ટુડિઓની મુલાકાત લેવા નિમંત્રણ છે. લોકડાઉનના સમયમાં નાગપુરના રસ્તાઓ અને હાઈવેને 'અલગ એન્ગલ' દ્વારા અનોખો ઓપ



આપવામાં આવ્યો છે. જેનું સુશોભીકરણ અને સજાવટ 'અલગ એન્ગલ' ટીમ દ્વારા કરાયું છે.

**પ્ર.સ. :** તનુલભાઈ મેં 'અલગ એન્ગલ' સ્ટુડિયો વિશે થોડુંક વાંચ્યું પણ છે અને ભવિષ્યમાં એ અંગે એક અલગ લેખ પ્રકાશિત કરીશું કિંમતી સમય આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

આપણે સૌએ પણ હકારાત્મકતા, સમર્પિતતા તથા કઠોર પરિશ્રમ શ્રી તનુલભાઈ પાસેથી શીખવું જોઈએ અને મુશ્કેલીના સમયે આપણા નિર્ધારીત લક્ષ્યો છોડી ન દેવા જોઈએ.

રુક જાના નહીં તું કહીં હાર કે,
કાંટો પે ચલકે મિલેંગે સાયે બહારકે.

– ડૉ. હીરાચંદ દંડ


## અભિનંદન આશિર્વાદ શુભેચ્છા

**દાદાણા – નાનાણાનું ગૌરવ**



**CA સુમિત અખિલ વાલજી નાગડા**

ગામ જખૌના
માતુશ્રી જયાબાઈ વાલજી પુનશી નાગડાનો પૌત્ર
અને ગામ સુથરીના
માતુશ્રી હીરબાઈ ગુલાબચંદ દંડનો દોહિત્ર
અને શ્રીમતી કલ્પના અખિલ નાગડાનો સુપુત્ર
CA ની પરિક્ષામાં ઉત્તિર્ણ થઈ કુટુંબનું ગૌરવ વધારેલ છે.
જીવનમાં દરેક ક્ષેત્રે પ્રગતિ કરે એવી
હૃદયપૂર્વક શુભેચ્છાઓ...

માતુશ્રી જયાબેન વાલજી પુનશી નાગડા પરિવાર - જખૌ
માતુશ્રી હીરબાઈ ગુલાબચંદ કલ્યાણજી દંડ પરિવાર - સુથરી

# ઓછું બેસો, વધુ જીવો

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



બેઠાડુ જીવન આરોગ્ય માટે ઘણું નુકસાનકારક છે. જેટલું આપણે જાગતા હોઈએ ત્યારે ૧ જ જગ્યાએ વધુ બેસી રહીશું એટલું આપણું આરોગ્ય બગડતું જશે અને આયુષ્ય ઘટતું જશે. આજકાલની જીવનશૈલીને કારણે આપણે જાગતા અવસ્થામાં ૮ કલાકથી પણ વધુ બેસીને જ કાઢીએ છીએ આજકાલની જીવન પધ્ધતિને કારણે શારિરીક મહેનતને બદલે મશીન, બટન, રીમોટ, વાહન વગેરેના ઉપયોગ વધ્યા છે. ચાલવાને બદલે વાહનો વાપરવા, સતત ટીવી જોવું, કમ્પ્યુટર પર કામ કરવું, ટ્રેન કે બસમાં કલાકો બેસી રહેવું, રસોડામાં મિક્સચર ગ્રાઉન્ડર, બોસ જેવા સાધનો વાપરવા, ઘરમાં અને ઓફિસ, કારખાના વગેરેમાં બટન, રીમોટ વાપરવા આ પ્રકારની લાઈફસ્ટાઈલને લીધે શારીરિક મહેનત ખૂબ જ ઓછી થઈ ગઈ, બેઠાડુ જીવન થઈ ગયું. અમુક મહેનત મજુરી કરનાર લોકો સિવાય મોટા ભાગનાની આવી જ જીવનશૈલી થઈ ગઈ છે. મોટાઓ સાથે નાના બાળકોનો પણ વાહનો, ટીવી, મોબાઈલ ગેમ વગેરે સાધનોને લીધે અભ્યાસ વધવાથી બહારની રમતો (આઉટડોર ગેમ) સાવ ઓછી થવાથી શારીરિક શ્રમ ઘટ્યો છે. આના લીધે નાના મોટા સૌની બિમારીઓ વધી છે.

એકવાર વધુ પડતું બેસી રહેવાથી કેલેરી ઓછી વપરાશે અને એટલે વજન વધવાની શક્યતા વધી જશે. અને જાડાપણું આવશે., પેટ બહાર આવશે તો હાઈ બી.પી., ડાયાબીટીઝ, હૃદયની બિમારીઓ જેવી અનેક બિમારીઓ લાગૂ પડવાની શક્યતા વધી જશે. વધુ બેસી રહેવાથી અપચન, એસીડીટી, ગેસ, ભુખ ન લાગવી, કબજીયાત, અનિદ્રા વગેરે તકલીફો થાય છે. એકવાર વધુ બેસી રહેવાથી આ બધા નુકસાન ઉપરાંત બીજા પણ ઘણા શારીરિક નુકસાન થાય છે જે વિશે આપણે જોઈએ.

એકવાર બેસી રહેવાથી કમરનો દુઃખાવો,હાથ અને તેની નશોની બિમારીઓ વધી છે. વધુ પડતું બેસવાથી, એકધારું બેસવાથી આખા શરીરમાં લોહી બરાબર ફરતું નથી. માથાથી લઈને પગની આંગળીઓ સુધી શરીરના દરેક અવયવ પર ખરાબ અસર થાય છે. આખા શરીરમાં લોહી વ્યવસ્થિત ન ફરવાથી શરીરના દરેક કોષ, દરેક અવયવને પુરતું ઓકસીજન અને પોષણ મળતું નથી. મગજના દરેક કોષને પણ લોહી ઓછું મળે છે. મગજના દરેક કોષને ઓકસીજન અને પોષણ ન મળવાથી મુંઝવણ વધે છે અને વિચારવાની શક્તિમાં ખલેલ પડે છે. ટી.વી., કોમ્પ્યુટર, લેપટોપ સામે એકધારું જોવાથી ગરદનના મણકાઓ પર એકધારૂં દબાણ આવે છે, પીઠ અને ખભાના સ્નાયુઓને નુકસાન થાય છે. સૌથી વધુ નુકસાન પીઠને થાય છે બેસવાની ખોટી રીત (ટટ્ટાર બેસવાને બદલે કમર થોડી પાછળ ને શરીરનો ઉપરનો ભાગ થોડો આગળ ઝુકેલા જેને Slouching કહેવાય) ને લીધે કરોડના મણકા વચ્ચે રહેલ ગાદીને લોહી ઓછું મળે છે. કરોડના મણકાની મદદથી વાંકા વળવાની ક્ષમતા ઓછી થાય છે. સાંધા વચ્ચેની ગાદીને નુકસાન થાય છે અને પીઠનો દુઃખાવો થાય છે. ગાદીને લોહી ઓછું મળવાથી એને ઓકસીજન અને પોષણ ઓછું મળે છે અને ગાદી જલ્દી ઘસાય છે એટલે કે કમરનો સંધીવાત થાય છે અને આમ કમર દુઃખે છે. ગાદી સરકીને બહાર જલદી નીકળે છે (ડિસ્ક પ્રોલાપ્સ), ગાદીની અધોગતિ (ડીજનરેશન) થાય છે. સાંધાની આજુબાજુના લીગામેન્ટસ અને ટેન્ડન્સમાં કેલ્શિયમ જમા થઈ કડક થાય છે (ઓસીફિકેશન) અને પીઠ કડક થાય છે, એની લવચિકતા ઘટી જાય છે. વધુ પડતું બેસવાથી પીઠ, કમર પર ઘણી ખરાબ અસરો ઓછી થાય એ માટે અમુક બાબતોનું ધ્યાન રાખવાની જરૂર છે, જયારે પણ આપણે બેસીએ ત્યારે ટટ્ટાર બેસીએ, કમર, પીઠ વળેલી અને ભાગ આગળ ઝુકેલો ન હોવો જોઈએ, એટલે કે slouching ન હોવું જોઈએ. કમર, પીઠ, ગરદન બધું સીધી લાઈનમાં હોવું જોઈએ. એના માટે જોઈએ તો પીઠના ટેકા વગરની (Backless) ખુરશી પર બેસવું કે સ્ટુલ પર બેસવું. શરૂમાં અઘરું લાગશે પણ ધીરે ધીરે આદત પડશે. આદત થાશે એ માટે જાગૃત રહેવું જરૂરી છે. બેધ્યાન રહીએ તો વળી કદાચ કમર-પીઠ પાછળ વળી જાય તો વળી જાગૃત થઈ ટટ્ટાર થવું.

એકધારૂં વધુ બેસી રહેવાથી બંને પગોમાં લોહી ઓછું ફરવાથી ઘૂંટીમાં સોજા અને પગમાં વેરીકોસ વેઈન્સ થાય છે. અને લોહી ગંઠાય છે, સ્નાયુ ઓછા વપરાવાથી એમાં કૃશતા (Atrophy) આવે છે અને હાડકા વધુ છિદ્રાળુ બને છે (osteoporosis) હાડકા વધુ છિદ્રાળુ હોવાથી થોડુ વાગવાથી, જરાક પડવાથી ફ્રેકચર થવાની શક્યતા વધી જાય

છે. સ્નાયુની નબળાઈ થવાથી વ્યક્તિ વધુ બેઠાડુ થાય છે અને બેઠાડુ થવાથી વધુ નબળાઈ આવે છે અને આમ આ ચક્કર ચાલુ રહે છે, અને વધુને વધુ નુકસાન થાય છે. આપણી બરોડનો સામાન્ય આકાર બગડે છે અને પેટના સ્નાયુઓ નબળા થાય છે. થાપાના અને પીઠના સ્નાયુઓની લવચિકતાને અસર થાય છે અને શરીરના બેલેન્સની ક્રિયામાં વિક્ષેપ પડે છે.

એકધારૂં ૧ જ જગ્યાએ બેસી રહેવાથી વધુ ઈન્સ્યુલીનની ઉત્પત્તી અને ધીમા લોહીના પરિભ્રમણને લીધે હૃદય અને તેની નશોની બિમારીઓ થવાની શક્યતા વધી જાય છે. શરીરમાંથી ફ્રી રેડિકલ્સ દૂર કરવાની ક્રિયાને અસર પહોંચે છે. તેથી એન્ટીઓકિસડેશનની ક્રિયા ઓછી થાય છે અને શરીરની પ્રતિકાર શક્તિ ઘટે છે. વધુ બેસી રહેવાથી ટાઈપ ટુ ડાયાબીટીઝ (મોટાઓને થતું ડાયાબીટીઝ)નું રીસ્ક ૯૦% વધી જાય છે. ઓફિસમાં કે ૧ જ જગ્યાએ બેસીને કામ કરનારને લાઈફ સ્ટાઈલ ડિસીઝીસ (આજકાલની રહેણીકરણને લીધે થતી બિમારીઓ) જેમ કે જાડાપણું ડાયાબિટીઝ અને હૃદયને લોહી પહોંચાડતી નશોની બિમારીઓ લાગુ પડે છે. ૧ અભ્યાસ પ્રમાણે જે લોકોએ ૮ વર્ષ સુધી દિવસે વધુ કલાકો બેસીને ટીવી જોયું એમને જલદી મોત આવવાની શક્યતા ૬૧% વધારે નોંધાઈ હતી.

વધુ પડતું એકધારૂં બેસવાથી ફેફસાનું કેન્સર થવાનું જોખમ ૫૪% વધી જાય છે, ગર્ભાશયનું કેન્સર થવાનું જોખમ ૬૬% અને મોટા આંતરડાનું કેન્સર થવાનું જોખમ ૩૦% વધુ જાય છે. આમ આખા શરીર પર પગથી લઈને માથા સુધી બેઠાડુ જીવનને લીધે ખરાબ અસર થાય છે. આ બધી ખરાબ અસર ટાળવા નિયમિત Stretching (હાથ પગ, શરીરને પોતાની રીતે ખેંચવું) કરીએ, ચાલવાનું, કસરત, આસન, નિયમિત કરીએ,વાહનનો બને તટેલો ઓછો ઉપયોગ કરીએ, બેઠા હોઈએ તો દર અડધા કલાકે ઉઠીને ઘરના કામ કરવા, ઘરમાં થોડું ચાલવું, કાંઈ નહીંતો સોફા પર બેસવાની જગ્યા બદલાવવી કે બાજુની ખુરશી પર ઉઠીને બેસવું, ઓફિસમાં કે કામ પર શક્ય હોય તો પાણી પીવાને બહાને કે પેશાબ કરવા કે આજુ બાજુ કોઈને મદદ કરવા એની પાસે જવું, વોશ બેસીન પાસે જઈ મોં પર પાણી છાટવું, આંખો પર છાલક મારવી, ચા-કોફી બેસીને ન પીતા બારી પાસે ઉભા ઉભા પીવું વગેરે ઉપાયો કરીને પણ એકધારૂં બેઠા ન રહીએ, અડધો કલાક થાય એટલે ગમે તે ક્રિયા કરી ઉઠીએ, એ આપણા આરોગ્ય માટે ખૂબ જરૂરી છે, કામમાં વિક્ષેપ પડશે. પણ આરોગ્ય સારું જાળવવું હોય તો આ કરવું જરૂરી છે. ઉભા રહી કામ કરી શકાય કે લખી શકાય એવી ડેસ્ટસ (ટેબલ) વાપરવાથી, બેસવાની ખુરશી -સોફાનો બને એટલો ત્યાગ કરવાથી ઘણા ફાદા થશે. બાળકોને પણ આપણે ઉદાહરણ પુરૂં પાડવું જોઈએ. ટીવી, મોબાઈલ, ગેઈમ્સ, કોમ્પ્યુટર ગેઈમ્સ વગેરેને બદલે બહાર રમવા પ્રોત્સાહિત કરીએ. બાળકો સાથે શારીરિક મહેનતના કામ કરવા, બાગકામ, ઘરની સાફસફાઈ, બહારની રમતો એમની સાથે રમી દાખલો બેસાડીએ. આથી એમને પણ આદત પડશે, નહીં તો આપણે આળસુની જેમ પડ્યા રહીશું તો એ લોકો પણ આપણું અનુકરણ કરશે અને વજન વધશે, આરોગ્ય બગડશે. એકધારૂં ૧ જગ્યાએ બેસી ન રહેતા શારીરિક મહેનતના કામ કરવાથી આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ સારી રીતે થશે, શરીરના દરેક અવયવને લોહી મળશે અને તેથી દરેક અવયવના કોષને ઓકસીજન અને પોષણ મળશે તેથી ઘણી બિમારીઓથી બચી જવાશે.

આમ જાગતા હોઈએ ત્યારે ૧ જ જગ્યાએ અડધા કલાકથી વધુ ન બેસીએ અને બિમારીઓથી બચી સારી રીતે જીવીએ અને વધુ જીવીએ.

## બાયઠ કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ

બાયઠવાસી ગામાઈ ભાઈઓ બહેનો તથા ગામની નિયાણી બહેનો જોગ, પર્વાધિરાજ પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે. દર વરસની જેમ આ વરસે પણ આપણે સૌ ગામાઈઓ તથા આપણી નિયાણીઓ સહકુટુંબ પર્વની ઉજવણી કરવા તથા આરાધના કરવા માદરે વતન બાયઠ પહોંચીએ. આપ સૌને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. પર્વ દરમ્યાન સ્થાનિક બાયઠમાં આપ સૌની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. તો જરૂર સૌ સહકુટુંબ પધારશો

**પર્યુષણ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩, તા. ૫.૯.૨૦૨૧**

**પર્યુષણ પુર્ણાહુતી : ભારદવા સુદ સાતમ, તા. ૧૩.૯.૨૦૨૧**

અચલગચ્છાધિપતી પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજા સાહેબના આજ્ઞાવર્તીની પ. પૂ. જ્યોતીકલાશ્રીજી મ.સા.ના સુશિષ્યા આરાધના કરવા પધારશે.

તા.ક. : આપ સૌ તા. ૪.૯.૨૦૨૧ સુધી પધારશોજી.

સંપર્ક : એલ.એલ.પોલડીયા - ૯૯૩૦૦ ૦૮૩૩૯
જગદીશ દંડ - ૯૮૨૦૭ ૭૫૬૭૭
નીલમ નીલેશ પોલડીયા - ૯૫૧૦૮ ૪૩૮૯૩

લી. નવીન એન. ધુલ્લા, પ્રમુખ,
ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન

## અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૬)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

ફકલા હમાલે મને કેડમાંથી ઉંચકી પોતાની કેડ પર ગોઠવી માથા પર બાંધેલ અજરખનાં ફેંટાથી ટાઈટ બાંધી દિધો, એક હાથથી લોખંડની પેટી માથા પર મૂકી તે સ્ટીમરની સીડી ઉપરથી નીચે ઉતરવા લાગ્યો. તેનો સાથી હમાલ બાકીનો સામાન ઉંચકીને અમારી પાછળ ઉતરવા લાગ્યો. મારી બહેન સંભાળીને અમારાથી આગળ જ્યારે માતુશ્રી સૌથી પાછળ. આમ કતારબંધ અમે બધા એ સ્ટીમરમાંથી નીચે ઉભેલ મોટા વહાણ તરફ પ્રયાણ કર્યું.

મેં ચારે તરફ નજર ફેરવી તો એક તરફ તોતીંગ સ્ટીમર દેખાતી હતી. ઘડિયાલ ગોદીથી અમે સીધી સીડી દ્વારા ઉપર આવ્યા હતા તેથી સ્ટીમરનાં નીચેના ભાગનાં દર્શન થયા ન હતા. સ્ટીમરની બહારની બાજુએ લગભગ ૫ થી ૬ ફુટનો સફેદ કલરનો પટ્ટોહતો અને ત્યારબાદ કાળા રંગનો. ક્યાંક ક્યાંક કલર થોડોક ખવાઈ ગયો હતો. સ્ટીમરનાં કઠેળા પાસે રબરનાં ટાયર જેવા સફેદ કલરના બાંધેલા હતા, પાછળથી મને સમજાવવામાં આવ્યું કે સ્ટીમર ડૂબવાની હોય તો આ ટાયરની સહાયતાથી દરિયામાં તરી શકાય જ્યાં સુધી વ્હેલ કે અન્ય મોટી માછલી ગરક કરી ન જાય...!!

સામેની બાજુ અફાટ મેરામણના દર્શન થતા હતા. સવાર સુધી આછા નીલા રંગનો દરિયો, માંડવીના અખાતમાં દાખલ થયા પછી ગોરાળુ રંગનો થઈ ગયો. ડાબી બાજુ નજર કરતાં ટપકાં ટપકાં જેવડા મકાનો, દરિયામાં લાંગરેલી બોટો અને દૂર દૂર દિવાદાંડી દેખાતી હતી. તે જમાનાનાં માંડવી શહેરમાં વિજળી ના હોવાથી લાઈટ ન હતી. દિવાદાંડીની લાઈટ ડીઝલ મશીનથી ચાલતી હતી.

હવે મેં ધીરેથી નીચેની તરફ જોયું. નીચે દરિયાના પાણી આમ તો શાંત હતા પણ નીચે ઉભેલું મોટું વહાણ જેને કચ્છમાં ''મચ્છવો'' કહે છેતે હાલક-ડોલક થતો હતો. એક ખલાસી (માલમ) વહાણમાં ઉભો રહી સીડી ઉપરથી ઉતરતા યાત્રિકોને હાથ આપી સંભાળીને વહાણમાં ઉતારતો હતો. અમારે આ વહાણમાં પ્રવાસ કરવાનો હતો માંડવી બંદર સુધી.

આ મચ્છવાને લાગીને બીજો મચ્છવો લંગરેલો હતો. તેમાં હજી કેટલાક યાત્રિઓ આવવાના બાકી હતા. ફકલા હમાલે મને સંભાળીને મચ્છવામાં મારી બહેનની બાજુમાં બેસાડી બીજા યાત્રિક અને સ્ટીમરમાંથી સામાન લેવા સીડી ઉપરથી સ્ટીમરમાં ચડવા લાગ્યો. ઉપરથી કેટલાક હમાલો સામાન નીચે મચ્છવામાં રસી બાંધી ઉતારી રહ્યા હતા તો કેટલાક ફેંકી રહ્યા હતા. નીચે મચ્છવામાં માલમો એ સામાનનો આબાદ ''કેચ'' પકડતા હતા. આજકાલની આઈપીએલની મેચમાં વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાની ચીલઝડપથી કેચ પકડતા જોતાં જોતાં એ વખતના મમલો, રમલો હમાલ અને એવા જ માલમોની યાદ માનસપટ પર તાજી થઈ.

અમારા બાજુનાં મચ્છવામાં યાત્રિકો પુરા થઈ ગયા હોવાથી ત્યાંનાં માલમો મચ્છવાને બંદર તરફ લઈ જવા તૈયારી કરવા લાગ્યા અને હલેસાથી કેટલાક માલમો દરિયો કાપવા માંડ્યા. કેટલાક માલમોએ સઢ ખોલી નાખ્યાં અને હવાનો રૂખ જોઈ પોતાના મચ્છવાને ગતિ આપવા માંડી. એક માલમ મચ્છવાના છેવાડે ધબુંસા પર બેસી મચ્છવાને યોગ્ય દિશામાં વાળવા લાગ્યો ત્યાં અચાનક જ...

ત્યાં અચાનક જ, જીંદગીની સફરમાં યાદોના વૃંદાવનમાં ફરતાં-ફરતાં કેટલાક અવિસ્મરણીય પાત્રો મનમાં કેદ થઈ જાય છે અને તેમની સાથે ઘટેલા પ્રસંગોને ફરી ફરી મમળાવવાનું મન થાય તેવી જ રીતે આ ચોવીસ કલાકની કેટલીક મધુર યાદો માનસ પટ પર ઉભરાઈ આવી. દૂર જતાં મચ્છવામાં લાલ રીબીન ફરફર થતી દેખાઈ. બહુ બારીકાઈથી નિરીક્ષણ કર્યા બાદ એ રીબીનની નીચે એક બાલિકા નામે ચંદન જેની સાથે ફક્ત ૨૪ કલાકની જ મિત્રતા હતી તે દેખાઈ. ઈચ્છા તો ઘણી થઈ કે, દરિયામાં કુદી-તરી એના મચ્છવામાં પહોંચી જાઉં. જીવનમાં ઘણીવાર ઈચ્છાઓને મારવી જ પડે છે. અહીં મને ઉર્દૂના મશહુર શાયર શ્રી નિદા ફાઝલીનો શેર યાદ આવે છે...

**''કભી કિસીકો મુકમ્મલ જહાઁ નહીં મિલતા,**
**કહીં જમીં તો કહીં આસમાં નહીં મિલતા.''**

મુકમ્મલ = સંપૂર્ણ, જહાઁ = જગત

(વધુ આવતા અંકે...)




સુજ્ઞ જ્ઞાતિબંધુઓ, જય જિનેન્દ્ર

આપણે અત્યારે વિષમ પરિસ્થિતિવાળા યુગમાં જીવી રહ્યા છીએ, બીમારીઓનો ભાર સતત સહન કરી રહ્યા છીએ. એમાં પણ ખાસ કરીને હાર્ટની તકલીફ વખતે આપણે હેરાન પરેશાન થઈ જઈએ છીએ.

છેલ્લા બે વરસથી મને ચાલતા ચાલતા શ્વાસ ચડતો, હાંફ ચડતી, થાક લાગતો. વિશેષ કરીને છાતીમાં અસહ્ય દુઃખાવો અવારનવાર થયા કરતો હતો એટલે ડોકટરોને બતાવતાં એમણે એન્જિયોગ્રાફી કરાવવાની સલાહ આપી. તા. ૧૨.૧.૨૦૨૦ના મલુંડમાં મેં એન્જિયોગ્રાફી કરાવી ત્યારે રીપોર્ટમાં ત્રણ નળીઓ લગભગ ૭૫% અને બે નળીઓ ૯૦% બ્લોક હતી. ડોકટરોએ સલાહ આપી કે તાબડતોબ બાયપાસ કરાવી લેજો. અન્યથા જીવનું જોખમ થઈ શકે છે. કદાચ ચોવીસ કલાકમાં કાંઈ પણ થઈ શકે છે. ઘરના સભ્યોએ તરતજ બાયપાસ કરાવવાનો નિર્ણય લઈ લીધો પણ મેં બાયપાસ કરાવવાની સ્પષ્ટ ના પાડી દીધી કે હું બાયપાસ નહીં કરાવું. ત્યાં એક સ્નેહી પાસેથી સલાહ મળી કે ખપોલીમાં માધવબાગ હોસ્પીટલમાં બાયસપાસ વગર હાર્ટની ટ્રીટમેંટ થાય છે. તા. ૧૫.૧.૨૦૨૦ ના હું માધવબાગ હોસ્પીટલમાં દાખલ થઈ ગયો. ત્યાં સાત દિવસ રોકાયો અને મારી સારવાર ચાલુ થઈ ગઈ.

ત્યાંના ડૉકટરોએ જણાવ્યું કે બ્લોકેજને લીધે માણસ મૃત્યુ પામતો નથી. યોગ્ય સારવારથી બ્લોકેજ લગભગ ખુલી જાય છે. ત્યાં રોજ સવારના ૪ વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી વિવિધ રીતે સારવાર કરવામાં આવે છે. રોજ સવારે લગભગ ૩ કીલોમીટર ચાલવાનું, યોગાસન, પ્રાણાયામ અને કસરત ૩૫ થી ૪૦ મીનીટ કરવાની. દિવસમાં બે વખત બ્લડ પ્રેશર માપવામાં આવે છે. કાર્ડીયોગ્રામ રોજ કાઢવામાં આવે છે. બ્લડ સુગર રોજ ચેક કરવામાં આવે છે.

વ્યાખ્યાનમાં કેવી રીતે રહેવું કરવું, ખાવું પીવું વગેરેની સમજ આપવામાં આવે છે. વજન ઘટાડવાની તથા પેટ ઘટાડવાની વિવિધ કસરતો કરાવવામાં આવે છે. ખાવા-પીવામાં ઘઉં, સાકર, દૂધ-દહીં વગેરે સદંતર બંધ કરવા પડે છે. જુવાર-બાજરો કે નાચણીનો રોટલો, શાકભાજી, સલાડ ખાવાની ડ્રાયફ્રુટ, ફળો ખાવાની સલાહ આપવામાં આવેલ ક્યાં શાક ભાજી કે ફળ ન ખાવા તેની યાદી આપવામાં આવે છે. ત્રણ મહિના સુધી એમણે આપેલ કીટ પ્રમાણે રસોઈ બનાવી ને વાપરવી પડે છે. ચાહ, ગ્રીન ટી ગોળવાળી પીવાની સલાહ અપાય છે. સાત દિવસ હોસ્પીટલમાં રહેવું પડે છે. સવારના તથા સાંજના બે વખત પંચકર્મ કરાવે છે. ટોટલ ચૌદ પંચકર્મ કરવાના રહે છે. આઠ પંચકર્મ એ લોકો સાત દિવસમાં કરાવે છે બાકીના છ ત્રણ માસમાં કરાવવાના રહે છે. ત્રણ માસ સુધી ખાવાની કીટ પણ એ લોકો આપે છે.

મેં અત્યાર સુધીમાં ૧૪ કિલો વજન ઘટાડ્યું પેટ પણ પાંચ-છ સેંટીમીટર ઘટાડેલ છે. સાત દિવસ પછી રજા આપે છે અને માધવબાગ બાર માસ સુધી આપણી સાથે સંપર્ક રાખે છે. રજા મલ્યા પછી ૩૫ થી ૪૦ મિનીટ રોજ યોગાસન, પ્રાણાયામ કસરત કરવી પડે છે. રોજ બી.પી., પલ્સ, વજન માપવાનું, બતાવેલા યોગાસન તથા કસરતો કરવાથી હાર્ટનો પ્રોબ્લેમ લગભગ મટી જાય છે. ટુંકમાં વજન ઘટાડી, ખાવા પીવામાં કંટ્રોલ રાખવું જરૂરી બને છે. ૧૪ માસ થયા મને હવે ઘણું જ સારું લાગે છે. ચાલતાં - ચાલતાં શ્વાસ નથી ચડતો. થાક નથી લાગતો હાંફ પણ નથી લાગતી તો જેને પણ હાર્ટની તકલીફ હોય તેમણે માધવબાગ હોસ્પીટલની સલાહ લેવી એવી મારી આપ સૌને નમ્ર વિનંતી છે.

માધવબાગ આયુર્વેદિક હોસ્પીટલ
Plot No 89/6, Near Rinki Hotel,
Old Mumbai Pune Highway,
Kalote - Rayte, Taluka Khalapur
Dist - Raigad, Khapoli

ખપોલી મુલુંડથી ૬૫ કિલોમીટરના અંતરે છે.

Contact No. Mob. : 8378931555 / 9322132908 / 9158783344
Email : madhavbaugkhapoli@gmail.com
Priyaka Madem - 976479855
Dr. Sanehal : 77740 19622, 77220 41567

આ ફક્ત આપ સૌને સમજ પડે એટલા માટે લખેલ છે.

- લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો) બાયઠ (મુલુંડ)
Mob. : 99300 08339

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

# કળિયુગ ના ભામાશાહ... R. H. D. પરિવાર...!

વર્તમાન કાળે સર્વત્ર કોરોનાનો અભિશાપ કાળો કેર વર્તાવી રહ્યો હોય, આપણાં જીવનના આસમાનમાં અનિશ્ચિતતાના વાદળો મંડરાઈ રહ્યાં હોય, ઘરનો મોભી–કર્તા છીનવાઈ રહ્યો હોય, આવકના સાધનો સ્વયંમેળે સંકેલાઈ રહ્યાં હોય, શરીર સ્વાસ્થ્ય ડામાડોલ ઝુલા ખાઈ રહ્યું હોય, એવી કાળી ઘનઘોર અંધારી અમાવસ્યાનો અંધકાર આપણાં જીવનમાં છવાઈ રહ્યો હોય, ત્યારે એક આશાના કિરણની અપેક્ષા હોય છે. એક માર્ગદર્શકની, એક સુકાનીની આવશ્યકતા હોય છે.

આવા કસોટીનાં કપરા કાળમાં જેમને સાધ્વીવર્યા પ. પૂ. શ્રી. જયદર્શિતાશ્રીજી મ. સા.નો વરદહસ્ત આશીર્વાદરૂપે પ્રાપ્ત હોય. જેમનાં રોમેરોમમાં ધર્મની ગંગા વહેતી હોય, સાધર્મિકોની સેવાભક્તિ અર્થે લાલાયીત અને જાગૃતી હોય એવાં શ્રી ચાલીસગાંમ મહાજનશ્રીના સંઘવીશ્રી, શ્રી. ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમનાં નૂતન પ્રમુખશ્રી સુશ્રાવક શ્રી મનીષભાઈ ભવાનજી લોડાયા (ચાલીસગાંમ)નાં રૂપે કોરોનાનાં અંધકારમય વાતાવરણમાં એક પ્રકાશનું તિમિર દેખાયું ! શ્રી મનીષભાઈએ પ્રથમતઃ મહારાષ્ટ્રના જ્ઞાતિજનો માટે પોતાનાં જ્ઞાનનાં પ્રકાશમાં R.H.D. પરિવારને જ્ઞાતિનાં ‘‘ભામાશા’’ બનવાની તકનો લ્હાવો લેવા માટે પ્રેરણા કરી...!

આ વાત ની મહેંક જ્ઞાતીમાં ચારેકોર ફેલાઈ ગઈ, એટલે ચારે તરફથી મદદ માટે મનીષભાઈને ફોન આવવા લાગ્યાં! એટલે હવે શ્રી મનીષભાઈની સમગ્ર જ્ઞાતિ પ્રત્યેની જવાબદારી ખુબજ વધી ગઈ. શ્રી મનીષભાઈ R.H.D. પરિવારનાં માર્ગદર્શકદૂત બન્યાં! તેમણે આ પરિવારને સામેથી આવેલ જ્ઞાતિમૈયાની સેવાનાં મોકાને આ અણમોલ તક તરીકે ઝડપીને સ્વર્ણિમ ઈતિહાસસંગ મહાપુણ્યનું ઉપાર્જન માટે ‘પ્રેરણાસ્ત્રોત’ બન્યાં!

આમ તો R.H.D. પરિવાર સ્વયં પણ મૂળથી તો સાધર્મિકવૃત્તિ ધરાવતો, માનવતાનો પૂજારી, વડીલોના સંસ્કારોના સંરક્ષક પાલનકર્તા જ છે. તો પછી આવી અનાયાસે મળતી સ્વર્ણિમ તકને કેમ કરીને ખોઈ દેતો.

R. H. D. પરિવારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર શ્રી મનીષભાઈની વાતને વધાવી લીધી...!

અને આમ ‘શ્રી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મૈયા’નાં ‘‘ભામાશાહ’’ તરીકે... R. H. D. પરિવારે પોતાનાં જ્ઞાતિ માટે સમર્પણભાવ, સાધર્મિકતાનો ભક્તિરસ, સામાજિક કર્તવ્યદક્ષતાની સજ્ઞાનતા, નૈતિકતાની જાગૃતિ જેવા અનન્ય ગુણ સંપદાનો પરિચય આપ્યો છે !

R.H.D. પરિવારે પોતાની ‘લક્ષ્મી’નો ધોધ વહાવીને માત્ર તેને ‘‘મહાલક્ષ્મી‘‘ જ બનાવી નથી તો પોતાનાં હૃદયની સરળતા, મનની ઉદારતા અને માનવતા પ્રત્યે પ્રેમની ગંગા વહાવીને એક સુશ્રાવક, એક દાતાશ્રી, દાનવીર કર્ણ તરીકેનો નવો પરિચય આપ્યો છે.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનાં ઈતિહાસનાં સ્વર્ણિમ પાનામાં પ્રાતઃ સ્મરણીય શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયક, શેઠશ્રી નરશી બાપ્પા દંડ પરિવાર (મલકાપુર–વરાડીયા) સંગે શેઠશ્રી R.H.D. પરિવારનું નામ સ્વયં જ કંડારાઈ ને આમેજ થઈ ગયું છે.!

શ્રી R.H.D. પરિવારનાં કરકમલો દ્વારા જ્ઞાતિનાં અનેરાં વિવિધલક્ષી શુભ કાર્યોની હારમાળા પ્રવર્તી રહે અને જ્ઞાતિનાં શુભ આશીર્વાદોનો ધોધ આ પરિવાર ઉપર સદા વરસતો રહે એજ પ્રભુ ચરણે નમ્ર અભ્યર્થના.

– મહેશ કાંતિલાલ ભવાનજી મોતા
(જલગાંમ – કુવાપધ્ધર) મો. નં. : ૯૪૦૪૪ ૯૨૮૩૦


## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી કે.ડી.ઓ.જૈન સમાજ વડોદરા

સમાજના વડીલ તથા પૂર્વ ટ્રસ્ટ શ્રી ખીરેન્દ્રભાઈ લોડાયાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે તેઓના પરિવાર તરફથી આપણા સમાજના સભ્યોને સહાયભૂત થવા એક oxygen concentration machine (5 litres) સમાજને અર્પણ કરવામાં આવ્યું.

શ્રી આનંદીલાલ દંડની સ્મૃતિમાં તેઓના પરિવાર તરફથી પણ એક Oxygen Concentrator Machine સમાજને ભેટ આપવામાં આવ્યુ. આ પ્રસંગે ૧૩ ટ્રસ્ટીગણ હાજર રહેલ. છેલ્લા એક વર્ષના સમય દરમિયાન આપણને ખૂબ જ મદદરૂપ થયેલ ડો. વિજયભાઈ (ઇન્દુ બ્લડ બેન્ક), શ્રી જીતુભાઈ સુખડિયા MLA (પ્રમુખ, વડોદરા શહેર BJP), બાલુભાઈ શુક્લ Ex.MP, ડો. મિતેશભાઇ (CMD સવિતા હોસ્પિટલ) તથા શ્રી મનોજભાઈ પટેલ (Member VMC Standing committee) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ.

ચૈત્ર માસની આયંબિલની ઓળી સરકારી નિયમો પ્રમાણે કે. ડી.ઓ. ભવનમાં કરાવવામાં આવી. ઓળીનો લાભ જેચંદ દામજી લોડાયા પરિવાર, જખૌ (વડોદરા)એ લીધો જેમા ૯૧ ભાગ્યશાળીઓએ લાભ આપ્યો.

### ભુજ વર્ધમાન નગર જૈન સંઘોમાં ચાર્તુમાસ નક્કી થયા



ભુજ નજીક આવેલા જૈનોનાં વર્ધમાનગનર મધ્યે પ.પૂ. આ.ભ. શ્રી કવિન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિઠાણા -૨નાં ચાર્તુમાસની જય બોલાવવામાં આવી હતી. ભુજ અચલગચ્છ જૈન સંઘમાં પરમ પૂજ્ય મુનિરાજ શ્રી રાજરત્ન સાગરજી મહારાજ સાહેબ આદિઠાણા-૯ નાં ચાર્તુમાસની જય બોલાવવામાં આવી હતી.

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે મુંબઈથી આ બંને ચાર્તુમાસની આજ્ઞા આપી શુભ મંગલ ભાવના પાઠવી હતી. ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમાનનગર જૈન સંઘ, વર્ધમાનનગર જિનાલય ટ્રસ્ટ તથા અચલગચ્છ જૈન સંઘ અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ડી. શાહ,પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, વર્ધમાનનગરનાં અગ્રણી શ્રી ચિંતલભાઈ વોરાનાં માર્ગદર્શન હેઠળ ૭૨ જિનાલય તિર્થે શ્રી ભરતભાઈ સી. શાહ, શ્રી પી.સી. શાહ, શ્રી ભરતભાઈ સી. શાહ, દિપકભાઈ લાલન, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા જય બોલાવતી વખતે ઉપસ્થિત રહ્યા હતા.

### પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

તા. ૧૮.૫.૨૦૨૧ના શ્રી પારોલા તીર્થ ખાતે શાંતીનાથ દાદા જિનાલયની ૧૬૨મી શ્રી આદિનાથ દાતા પરિવારથી આવેલ ધજા વિધીકાર રાજુભાઈ મલકાપુરવાળાએ વિધિવિધાન સાથે શ્રી સંઘના પદાધિકારીઓ, સ્થાનિક ભાઈ બહેનો સાથે ફરકાવવામાં આવેલ. આરતી, મંગલ દિવો, શાંતી કળશ અને પ્રભાવનાનો લાભ સ્વ. અ. સૌ. પુષ્પાબેન ચંદુલાલ ડાઘાના આત્મશ્રેયાર્થે શા. દેવશીભાઈ કચરાભાઈ ડાઘા પરિવાર (ગોએરસમા) અમલનેર - નાશીક.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on



